# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-03-2026          Day: Saturday       Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-નોઈડા હવાઈ મથક લોકાર્પણ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તર પ્રદેશના  ગૌતમ બુધ્ધ નગર જીલ્લાના  ઝેવર ખાતે નોઈડા આંતરાષ્ટ્રીય હવાઈ મથકના  પ્રથમ ચરણનું  ઉદ્ઘાટન કરશે. આ અવસરે શ્રી મોદી હવાઈ મથક પરિસરનું નિરીક્ષણ કરશે.

--------------------------------------------------------------------------------

## રાજ્ય- સ્ટેમ્પ ડ્યુટી રાહત :

જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈમાં રાહત- વારસાઈ સંબંધિત જમીન વ્યવહારોમાં હવે 300 રૂપિયા ટોકન ફી લેવાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સીધી લીટીના અને આડી લીટીના વારસદારો વચ્ચે થતા જમીન સંબંધિત આંતરિક વ્યવહારો માટે જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈઓમાં રાહત આપવા આ નિર્ણય કર્યો છે.

--------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-શિષ્યવૃતિ વિતરણ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતેથી ગઈકાલે 13 લાખ 96 હજારથી વધુ વિદ્યાર્થીઓના ખાતામાં નમો લક્ષ્મી-નમો સરસ્વતી જ્ઞાન સાધના યોજના અન્વયે 354 કરોડની શિષ્યવૃત્તિનું વિતરણ કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, આજે રાજ્યમાં દિકરીઓનો શાળા છોડવાનો દર એટલે કે ડ્રોપ આઉટ રેશિયો ઘટીને માત્ર બે ટકા પર પહોંચ્યો છે.

--------------------------------------------------------------------------------

## રાજ્ય-પંચાયત પ્રમુખ રોટેશન:

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખ માટે અનામત બેઠકોનું રોટેશન જાહેર કરાયું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર દેવભૂમિ દ્વારકા અને વાવ થરાદ જિલ્લા પંચાયત પ્રમુખની બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવામાં આવી છે. જ્યારે આણંદ, દાહોદ, ડાંગ, ખેડા, કચ્છ, મોરબી, નર્મદા, તાપી જિલ્લા પંચાયત પ્રમુખ માટે આદિજાતિ અનામત જાહેર કરાઇ છે. આ ઉપરાંત સાત જિલ્લા પંચાયતમાં અન્ય પછાત વર્ગ OBC પ્રમુખ બનશે. આ સિવાયની 17 જિલ્લા પંચાયતમાં પ્રમુખની બેઠક સામાન્ય રહેશે.

---

## કચ્છ-જીલ્લા-તાલુકા પંચાયત પ્રમુખ રોટેશન:

સરકાર દ્વારા જીલ્લા પંચાયત પ્રમુખ પદ માટે રોટેશન બહાર પાડવામાં આવ્યુ છે. જે મુજબ કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે અનુસુચિત આદિજાદિ મહિલાનું રોટેશન જાહેર કરાયુ છે. કચ્છ જીલ્લાની 9 તાલુકા પંચાયત પૈકી અબડાસા અને અંજારના પ્રમુખ પદને સામાન્ય જાહેર કરાયુ છે. જ્યારે બાકીની 7 પૈકી નખત્રાણા તથા રાપર બક્ષીપંચ, લખપત અનુસુચિત જાતિ જયારે ભુજ,ભચાઉ,માંડવી અને મુંદરા તાલુકા પંચાતનું પ્રમુખ પદ જનરલ મહિલા માટે અનામત રખાયુ છે.

---

## મુખ્યમંત્રી-આબકારી રાહત:

પેટ્રોલ ડીઝલ પર આબકારી જકાત ઘટાડવાના કેન્દ્ર સરકારના નિર્ણયને રાજ્ય સરકારે આવકાર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોના કલ્યાણને પ્રાથમિકતા આપીને ફરી એકવાર દેશવાસીઓ પ્રત્યેની તેમની સંવેદનશીલતા દર્શાવી છે. તો, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જણાવ્યું, આ પગલું ભાવ વધારાની અસરથી દેશવાસીઓને બચાવવા માટેની શ્રી મોદીની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે ગઈકાલે પેટ્રોલ પર આબકારી જકાત 13 રૂપિયાથી 3 રૂપિયા અને ડીઝલ પર 10 રૂપિયાથી શૂન્ય કરી છે.

---------------------------------------------------------------------------------------------

## એલ.પી.જી જહાજ:

પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે વધુ બે જહાજ LPGના જથ્થા સાથે ભારત આવી રહ્યા છે. હોર્મૂઝની સામુદ્રધુનીમાંથી ફરી બે ભારતીય જહાજ 92 હજાર 612 મેટ્રિક ટન LPG લઈ ગુજરાત આવી રહ્યા છે. જે પૈકી  જગ મોહન જહાજ અંદાજે 47 હજાર 600 મેટ્રિક ટન LPG ગેસ લઈ આવી રહ્યું છે, જે ટૂંક સમયમાં વાડીનાર બંદરે પહોંચશે.

---------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ-19મી સિઝનનો પ્રારંભ:

ક્રિકેટ ક્ષેત્રે મહત્વની એવી ઇન્ડિયન પ્રીમિયર લીગ આઈ.પી.એલની 19 મી સિઝનનો આજથી આરંભ થાય છે. આજે પ્રથમ મેચંમા ગયા વખતની વિજેતા ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો મુકાબલો સન રાઈઝર્સ હૈદરાબાદની ટીમ સામે બેંગલુરુના એમ.ચેન્ના સ્વામી સ્ટેડિયમ પર થશે. આજ થી 58 દિવસ સુધી દેશના 12 શહેરમાં દસ ટીમ વચ્ચે 65 દિવસ દરમ્યાન 84 મેચ રમાશે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ-ગાંધીધામ-U-15  ગર્લ્સ ટીટી સ્પર્ધા:

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોશિએશન અને કચ્છ જીલ્લા ટેબલ ટેનિસ એશોશિએસન દ્વારા ગાંધીધામમાં આજથી અંડર 15 ગર્લ્સ ટેબલ ટેનિસ સ્પર્ધાનો  આરંભ થશે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ-હવામાન:

અપર એર સર્કયુલેશનની અસરથી હવામાન વિભાગ દ્વારા કચ્છ જીલ્લામાં આવતીકાલ રવિવાર તથા સોમવારના કમોસમી વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. પવનની ઝડપ 30 થી 40 કિલોમીટર પ્રતિકલાક રહેવાની સંભાવના સાથે ગાજવીજ સહિત તોફાની વરસાદ થવાની શક્યતાને ધ્યાને લઈને હવામાન વિભાગે યલોએલર્ટ જારી કર્યું છે.

-----------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે મન કી બાત કાર્યક્રમની 132મી કડીમાં દેશવિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે.

-----------------------------------------------------------------------------------------